# 17th ASEAN-India Summit

November 11, 2020

## 17મું ASEAN-ભારત શિખર સંમેલન

નવેમ્બર 11, 2020

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિયેતનામનાં વડાપ્રધાન મહામહિમ નગુયેન ક્સુઆન ફુક સાથે 17માં ASEAN-ભારત શિખર સંમેલનની 12 નવેમ્બર 2020 નાં રોજ સહ-અધ્યક્ષતા કરશે. તમામ દસ ASEAN સભ્ય રાજ્યોનાં નેતાઓ આ શિખર સંમેલનમાં ભાગ લેશે. આ શિખર સંમેલન ઓનલાઈન યોજવામાં આવશે.

2. આ શિખર સંમેલનમાં ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારીની સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે અને કનેક્ટિવિટી, મેરિટાઈમ સહકાર, વ્યાપાર અને વાણિજ્ય, શિક્ષણ અને ક્ષમતા નિર્માણ વગેરે જેવા મહત્વનાં ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવશે. નેતાઓ ASEAN-ભારત જોડાણ વધારે મજબૂત કરવા માટેનાં માર્ગોની ચર્ચા કરશે અને આ સંદર્ભમાં ASEAN-ભારત કાર્યવાહીનાં આયોજન (2021-2025) નાં ગ્રહણ કરવા પર નોંધ લેશે. આ શિખર સંમેલન દરમિયાન કોવિડ-19, મહામારી બાદની આર્થિક રીકવરી અને મહત્વનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસો પર પણ ચર્ચા કરવામાં આવશે.

3. ASEAN-ભારત શિખર સંમેલનો ભારત અને ASEAN દેશોને સર્વોચ્ચ સ્તર પર જોડાવા માટેની તક પ્રદાન કરે છે. વડાપ્રધાને ગત વર્ષે નવેમ્બરમાં બેંગકોકમાં 16માં ASEAN-ભારત શિખર સંમેલનમાં હાજરી આપી હતી. 17મું ASEAN-ભારત શિખર સંમેલન તેઓએ હાજરી આપી હોય તેવું આઠમું ASEAN-ભારત શિખર સંમેલન હશે.

4. ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારી સંયુક્ત ભૌગોલિક, ઐતિહાસિક અને સભ્યતાનાં જોડાણોનાં મજબૂત પાયા પર ઉભી છે. ASEAN કેન્દ્રિયતા પર ભાર મૂકતી ભારતની એક્ટ ઈસ્ટ નીતિ ભારત ASEAN સાથેનાં જોડાણોમાં આપે છે તે અગત્યતા પ્રતિબિંબિત કરે છે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 11, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.